## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પાણીનો બગાડ અટકાવવાનો એક જ રસ્તો છે... પાણીનો સમગ્ર વહિવટ ઓઈલ અને નેચરલ ગેસવાળાને સોંપી દેવાનો...!!

# ગાંધીનગર આરઆરસેલે શામળાજી પાસેથી દારૂ ભરેલુ કન્ટેનર પકડ્યુ

### ૩૯.૪૬ લાખના મુદ્દામાલ સાથે છત્તીસગઢ અને પંજાબના બે શખ્સોની ધરપકડ : કન્ટેનરમાંથી ૯૧૮૦ નંગ દારૂની બોટલો મળી આવી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર રેન્જ ડીઆઈજી મયંકસિંહ ચાવડાની સુચનાથી તેમની આરઆરસેલ દ્વારા વિદેશી દારૂને આંતર રાજ્ય બોર્ડર પરથી જ આવતી પકડવા અને દારૂને ગુજરાતમાં આવતા અટકાવી દેવા પોતાના બાતમીદારોને સક્રિય કરી દારૂની હેરાફેરી કરતા વાહનો અંગે ખાનગી બાતમી મેળવવામાં આવી રહી છે. જે અંતર્ગત આરઆરસેલ પીએસઆઈ ભાવેશ રબારી તથા તેમની ટીમે ચોક્કસ બાતમીને આધારે ગઈ રાત્રે શામળાજી બોર્ડર પાસેથી ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો ભરવા લવાઈ રહેલી કન્ટેનર ટ્રકને પકડી પાડી હતી. હરીયાણા પાસીંગની કન્ટેનરને રોકીને તપાસ કરતા અંદરથી અલગ અલગ બ્રાન્ડની ૯૧૮૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૨૯.૪૪ લાખનો દારૂ અને કન્ટેનર મળીને કુલ રૂ. ૩૯.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને થત્તીસગઢના બલવીંદરસિંગ કરમસિંગ જાટ અને પંજાબના લવપ્રિતસિંગ પ્યારાસિંગ જાટ નામના બે પ્યાદાઓની ધરપકડ કરી લીધી છે. આ શખ્સો દારૂ ક્યાથી લાવ્યા હતા અને દારૂ ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે ઉપરાંત આ માલ કયા મોટા બુટલેગરોનો છે તે સહિતની ઊંડી પુછપરછ શરૂ કરવામાં આવી છે.




# દહેગામ નગરપાલિકાની મહિલા એકાઉન્ટન્ટ અને સિનિ. ક્લાર્ક લાંચ લેતાં ઝડપાયા

### એક કોન્ટ્રાક્ટરનું લાખ ઉપરનું બિલ પાસ કરવા લાંચ માંગી હતી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે નગરપાલિકામાં આજે એસીબીની ટીમે છટકુ ગોઠવી એક મહિલા કર્મચારીને અને એક સિનિ. ક્લાર્કને લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. મળતી માહિતી મુજબ એક કોન્ટ્રાક્ટરની ફરીયાદને આધારે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે દહેગામ નગરપાલિકામાં છટકુ ગોઠવ્યુ હતુ. દહેગામ નગરપાલિકાની મહિલા એકાઉન્ટન્ટ સોનલ ભાવિન કાંચાને અને સિનિ. ક્લાર્ક મનહર અંબાલાલ પટેલને એસીબીની ટીમે પકડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક કોન્ટ્રાક્ટરનું એક લાખ ઉપરનું બીલ પાસ કરવા માટે મહિલા કર્મચારીએ લાંચ માંગી હતી.

દહેગામ નગરપાલિકાના કોમ્પ્યુટર રીપેરીંગના રૂ. ૧.૮૩ લાખનું બિલ અને ૩ કોમ્પ્યુટર સપ્લાયનું બિલ રૂ. ૧.૫૮ લાખ મંજુર થયુ હતુ. જે બિલના મંજુર થયેલા રૂપિયાના ચેક બનાવી આપવા માટે સોનલ કાંચાએ રૂ. ૧૦ હજારની લાંચ માંગી હતી. જે આધારે કોન્ટ્રાક્ટરે એસીબીમાં ફરીયાદ કરી હતી. એસીબીએ ટ્રેપ ગોઠવી આ ટ્રેપની કામગીરી દરમ્યાન સિનિ. ક્લાર્ક મનહર અંબાલાલ પટેલે આ સંદર્ભે વાતચીત કરી પોતાના માટે અગાઉના તેમજ હાલના વ્યવહાર પેટે પ્રથમ રૂ. ૨૦ હજારની માંગણી કર્યા બાદ કોન્ટ્રાક્ટરે લાંચના રૂપિયા પેટે આપવાનો વાયદો કર્યો અને સિનિ. ક્લાર્કે તેની સંમતિ દર્શાવી હતી. આ રીતે ગુનામાં મદદગારી કરીને રૂ. ૧૦ હજારની લાંચ સ્વિકારતા આજે પકડાઈ ગયા હતા. એસીબી પીઆઈ કે.આર. ડાભીએ ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

# જલારામ ધામ ખાતે રામનવમીએ રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ સ્થિત જલારામધામ ખાતે રામનવમીની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના રક્તદાન શિબિર તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવશે. તેમજ જલારામ ધામ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જલારામ ધામ ખાતે રામનવમીના પાવન દિવસે તા. ૨૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે ભગવાન રામચંદ્રજીની પૂજનવિધિ, જલારામ બાપાની પૂજન વિધિ સવારે ૧૦.૩૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન, સંકીર્તન સવારે ૧૦.૪૫ કલાકે, શ્રીરામ જન્મોત્સવ બપોરે ૧૨ કલાકે તેમજ મહાઆખી યોજાશે. જ્યારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સહયોગ મંડળ ગાંધીનગર અને સિવિલ હોસ્પિટલના સહયોગથી રક્તદાન શિબિર યોજાશે. આ રામનવમીના પાવન પ્રસંગે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા સૌ ભક્તોને જલારામ ધામ પરિવાર દ્વારા હાર્દિક અનુરોધ કરાયો છે. જ્યારે યુવાવર્ગને હાજર રહી મોટી સંખ્યામાં રક્તદાન કરવા જણાવાયું છે.



## અપહરણ અને બળાત્કારના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

દહેગામ તાલુકાના એક ગામમાંથી સગીર વયની કિશોરીને પડોશમાં રહેતો એક યુવાન શખ્સ ઉપાડી ગયો હતો. છ મહિના પહેલા સગીરાનું અપહરણ કરીને તેણીની ઉપર બળાત્કાર ગુજારનાર બળદેવ ઉર્ફે કાભઈ શંકસિંહ ડાભી છ મહિનાથી વોન્ટેડ હતો. સર્કલ પી.આઈ. એલ.ડી. વાઘેલા અને રખિયાલ પોલિસની ટીમને બાતમી મળી હતી કે આરોપી કપડવંજ ખાતે ફુલજીના મુવાડામાં એક ઘરમાં છુપાયો છે. જે આધારે રાત્રે તે ઘરે કોર્ડન કરીને આરોપીને દબોચી લઈ આ ગુનામાં વપરાયેલું બાઈક પણ રીકવર કરવામાં આવ્યું છે.




દિલ્હી ખાતે ૬૬મી ઓલ ઈન્ડિયા પોલિસ મીટમાં સ્વીમીંગ હરીફાઈમાં ભાગ લેવા ગાંધીનગર પોલિસ ટીમમાં ટીમ કોચ તરીકે રામમીલન યાદવ, પ્લેયર અશોકભાઈ, જનકભાઈ, જશુભાઈ, રામભાઈ તથા ભુપતભાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## આજે શેરથાથી અંબાજી પગપાળા યાત્રા સંઘ પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના શેરથા ગામમાંથી અંબાજી પગપાળા સંઘ છેલ્લા ૩૮ વર્ષથી જાય છે. જે ચાલુ સાલે પણ આ સંઘ તા. ૨૪-૩-૧૮ના રોજ રાત્રે શેરથાથી અંબાજી પગપાળા જવા પ્રસ્થાન કરશે. જે સંઘ તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ અંબાજી મંદિરમાં ધજા ચઢાવી પરત ફરશે.

## ગાયત્રી શકિતપીઠમાં ૧૧ વેદી ગાયત્રી મહાયજ્ઞ યોજાશે

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા રામનવમી તા. ૨૫મી માર્ચના રોજ ચૈત્રી નવરાત્ર સમાપન નિમિત્તે ૧૧ વેદી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન સવારના ૮ વાગ્યાથી કરવામાં આવનાર છે.

ચૈત્રી નવરાત્રિ દરમિયાન અનુષ્ઠાન કરેલ ભાઈ બહેનોને અનુષ્ઠાન અંગે દશાંશ હોમની આહુતિ આપવાનું આયોજન ગોઠવેલ છે. ભાવિકોને યજ્ઞના દર્શનનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

# અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં 'હેપ્પી સ્પેરો વીક'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૩

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ અને હેપ્પી યુથ કલબના સંયુકત ઉપક્રમે 'હેપ્પી સ્પેરો વીક'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થી, સ્વયંસેવકોએ સે-૨૩ કડી કેમ્પસમાં પક્ષી પરબોનું સ્થાપન કર્યું હતું.

આ સાથે પક્ષી પરબમાં સમગ્ર ઉનાળા દરમિયાન નિયમિત જળસિંચન થાય તે માટે સ્વયંસેવકોની ટીમો બનાવી જવાબદારી સોંપવામાં આવી હતી. આ પ્રસંગે હેપ્પી યુથ કલબના સંયોજક સમીર રામીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પર્યાવરણ તેમજ પશુ-પક્ષીઓનું મહત્વ સમજાવ્યું હતું. હેપ્પી યુથ કલબ દ્વારા એન.એસ.એસ. યુનિટને પક્ષી પરબ માટે કુંડ અને હેપ્પી ચકલી ઘર પુરા પાડવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. રણછોડ રથવીએ કર્યું હતું. તથા જણાવ્યું હતું કે આવનારા સમયમાં વધારેમાં વધારે પક્ષી પરબોનું વિતરણ કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવશ. આવી સેવા સતત કરતા રહો અને પર્યાવરણનું જતન કરી પક્ષીઓ માટે કાર્ય કરતા રહો તેવી શુભેચ્છા પ્રિન્સીપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ પાઠવી હતી.



### આજે સંવિધાન એકેડમીના ઉપક્રમે

# સ્પર્ધાત્મક પરીક્ષાની સાચી દિશા અંગે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સંવિધાન કેરિઅર એકેડમીના ઉપક્રમે 'પરીક્ષાની સાચી તૈયારી માટે સાચી દિશા' શીર્ષક હેઠળ નગરપાલિકા હોલ, પથિકાશ્રમ પાસે સેક્ટર-૧૧ ખાતે ફ્રી ગાઈડન્સ સેમિનાર યોજાશે.

આ સેમિનારમાં તાજેતરમાં જીપીએસસીની પરીક્ષામાં સફળ થનાર અને રાજ્યની વહીવટી સેવામાં જોડાનાર સફળ ઉમેદવારો અમૂલ્ય માર્ગદર્શન આપશે. ૨૪ માર્ચ ૨૦૧૮ને શનિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન આ કાર્યક્રમ યોજાશે. જેમાં નાયબ પોલીસ અધિક્ષક પદે પસંદગી પામનાર પ્રણવ કટારીયા અને દિવ્યપ્રકાશ ગોહિલ, મામલતદાર પદે પસંદગી પામનાર વિજય પ્રજાપતિ તથા સેક્શન અધિકારી પદે પસંદગી પામનાર ડૉ. અભય ચૌહાણ વક્તા તરીકે ઉપસ્થિત રહી નવ યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થવા માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છનાર શહેરના યુવાનોએ ૮૪૬૯૭૪૩૫૬૭૫૨ પોતાનું નામ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# માજી રાજવીઓ-નાયકો અને ભાઉબંધોના પોલિટીકલ પેન્શનમાં ૩૩ ટકા વધારો

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ડાંગ જિલ્લાના માજી રાજવીઓ-નાયકો તેમજ ભાઉબંધોને ચુકવવામાં આવતા રાજકીય પેન્શન (સાલીયાણા)માં ૧ એપ્રિલ ૨૦૧૭થી ૩૩ ટકા વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

આ વધારાનો લાભ ડાંગના ૫ રાજવીઓ ૯ નાયકો અને ૬૬૮ ભાઉબંધોને પ્રાપ્ત થશે. અત્યાર સુધીમાં વખતો વખત રાજય સરકારે આ પોલિટિકલ પેન્શનમાં વધારો કર્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, બહુધા વનવાસી ક્ષેત્ર ડાંગ જિલ્લાના માજી રાજવીઓ-નાયકો અને ભાઉબંધો પાસેથી તેઓના આધિપત્ય હેઠળની જંગલોની જમીન, જાગીર અને જંગલ વિસ્તારના ભાગરૂપે તેમના મૂળભૂત હક્કો અને વિશેષ અધિકારોના બદલામાં રાજકીય પેન્શન વાર્ષિક, કાયમી અને વારસાગત ધોરણે સને ૧૯૫૪થી આપવામાં આવે છે.

# ચૈત્રી નવરાત્રીના પાવન પર્વે ભૂવનેશ્વરી શક્તિપીઠના દર્શન કરતા વિજયભાઈ રૂપાણી

### માં ભૂવનેશ્વરીની શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી સમગ્ર ગુજરાતની સુખાકારી માટે પ્રાર્થના કરી

ગાંધીનગર, તા. ૨૩

ચૈત્રી નવરાત્રીના પાવન પર્વમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ જિલ્લાના ગોંડલ સ્થિત ભૂવનેશ્વરી શક્તિપીઠના દર્શન કર્યા હતા. જગતધાત્રી માં ભૂવનેશ્વરીના પૂજન-અર્ચન કરી સમગ્ર રાજ્યની સુખાકારી માટે મુખ્યમંત્રીએ મંગલ કામના કરી હતી. તેમણે અહીં ભૂવનેશ્વરી ઔષધાશ્રમમાં વિવિધ વિભાગોની મુલાકાત લઈ માહિતી મેળવી હતી.

શક્તિ ઉપાસના માટે ચૈત્રી નવરાત્રીનું અનોખું મહાત્મ્ય છે. ભાવિકો વિવિધ પ્રકારે દેવી ઉપાસના કરી પુણ્યનું ભાથુ બાંધતા હોય છે અને આ નવ દિવસ દરમિયાન શક્તિપીઠના દર્શનનું પણ વિશેષ મહત્વ છે. ત્યારે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગોંડલની ભૂવનેશ્વરી શક્તિપીઠના દર્શન કરી જગતજનની સમક્ષ શીશ ઝૂકાવ્યું હતું.

મંદિર અંદર માં ભૂવનેશ્વરી સમક્ષ બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે તેમણે વિશેષ પૂજા પણ કરી હતી. અહીં તેમના હસ્તે નારીશક્તિને સાડીની લાણી (પ્રાસંગિક ભેટ) પણ આપી હતી. મુખ્યમંત્રીએ એ બાદ સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. અહીં રાખવામાં આવેલી આયુર્વેદના પ્રાચીન ગ્રંથો, ઔષધ નિર્માણની વિવિધ વસ્તુઓ તથા કલાકારીની અન્ય વસ્તુઓ તેમણે નિહાળી હતી.

તેમણે ભૂવનેશ્વરી ઔષધાશ્રમની પણ મુલાકાત લીધી હતી. વિવિધ પ્રકારના રોગ અને શારીરિક ઉપાધીના શમન-નિર્મૂલન માટે પ્રાચીન પરંપરા અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી બનાવવામાં આવતી વિવિધ દવાઓનું તેમણે નિરીક્ષણ કર્યું હતું અને જાણકારી પ્રાપ્ત કરી હતી. આચાર્ય ઘનશ્યામજી મહારાજે ઔષધિ અંગે માહિતી પૂરી પાડી હતી.

આ વેળાએ ગોંડલના ધારાસભ્ય શ્રીમતી ગીતાબા જાડેજા, રાજકોટના મેયર ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, કાયદાપંચના સભ્ય અભયભાઈ ભારદ્વાજ, અગ્રણી રમેશભાઈ ફળદુ, નિતીનભાઈ ભારદ્વાજ, ચેતનભાઈ રામાણી, રેન્જ આઈજી ડી.એન. પટેલ, કલેકટર ડૉ. વિક્રાંત પાંડે, જિલ્લા પોલીસ વડા અંતરીપ સુદ, જિલ્લા વિકાસ અધિકારી જી.ટી. પંડયા, ડાયેટના પ્રાચાર્યા શ્રીમતી ચેતનાબેન વ્યાસ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.





સન્માન : સચિવાલય ખાતેના આરોગ્ય સેવાઓ સંભાળતા ડૉ. અનિલ ચૌહાણ અને વૈદ્ય રાકેશ ભટ્ટને રાજ્ય આરોગ્ય મંત્રી કુમાર કાનાણીના વરદ્‌હસ્તે સમર્પતિ તબીબ તરીકેનો એવૉર્ડ અપાયો હતો. આ સમયે એક્રીડીએટેડ ક્લબના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આવતીકાલે રંગોલી પ્રિસ્કુલની નવી શાખાનો સે-૨૭ માં શુભારંભ થશે

ગાંધીનગર તા ૨૩

રંગોલી પ્રિ સ્કુલ શહેરમાં આવતીકાલે તેની ચોથી નવી શાખાની શરૂઆત કરશે વાઈબ્રન્ટ પ્રિ સ્કુલ પી વી ટી ના માધ્યમથી સે-૨૭ ખાતે રંગોલીની નવી શાખાની શરૂઆત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી તા ૨૫ માર્ચના રોજ સે-૨૭ સ્થિત પ્લોટ નં-૨૬૫ ગાયત્રીનગર ખાતે રંગોલી ગૃપની આ નવી શાખાનો શુભારંભ કરવામાં આવશે. સંસ્થા દ્વારા શાળાનુ પગથિયુ ચઢતા શિખતા ભુલકાઓને જ્ઞાન સાથે ગમ્મત આપવાના અભિગમ સાથે આ શહેરમાં વધુ એક શાખા શરૂ કરવામાં આવશે. નન્હા ફરિશ્તાઓની પ્લે ગૃપની નવી દુનિયાને વધુ જોયફુલ અને કલરફુલ બનાવવા વાઈબ્રન્ટ પ્રિસ્કુલના માધ્યમથી આ પ્રયાસ કરવામાં આવી રહયો છે. આ ગૃપની શહેરમાં સે-૬, સે-૭ અને સે-૨૨ ખાતે પ્રિસ્કુલ કાર્યરત છે. જયારે સે-૨૭ ના રહીશોને પણ પોતાના ભુલકાઓને ટોડલર કેર, નર્સરી જુનિયર અને સિનિયર કે જી માટે રંગોલી ગૃપ વેલકમ કરવા માટે સજજ હોવાનુ પણ રંગોલી પ્રિસ્કુલના સુત્રોએ જણાંવ્યુ છે.

# શહિદ દિવસની રિવરફ્રંટ ખાતે ઉજવણી, સરકાર દ્વારા એક લાખની સહાય

શુક્રવારે દેશભરમાં શહિદ દિવસ ઉજવાયો એવામાં અમદાવાદમાં પણ આ દિવસની ઉજવણી સરકાર દ્વારા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ૨૩ માર્ચ, ૧૯૩૧ના દિવસે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી અપાઈ હતી અને ત્યારથી જ આ દિવસ શહિદ દિવસ તરીકે ઉજવાય છે. શહિદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે ભારતીય જનતા યુવા મોર્ચા દ્વારા એક શામ શહિદો કે નામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને ૬ માસની કેદની સજા

### મિત્રને ધંધાના કામ અર્થે ૯ લાખ હાથ ઉછીના આપ્યા હતા : લેંણી રકમનો ચેક બેંકમાં જમા કરાવતા પરત થયો હતો

ગાંધીનગર તા ૨૩

ધંધાના વિકાસ માટે મિત્રની નાણાંકીય જરૂરિયાતને ધ્યાને લઈ રૂ ૯ લાખ હાથ ઉછીના આપવાના કેસમાં ચેક પરત થતા ગાંધીનગરની કોર્ટે આરોપીને ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. જયારે આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ૯ ટકાના વ્યાજ સાથે ચુકવી આપવા માટે પણ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર રાંધેજામાં રહેતા ભાવેશ તેજમલ રબારીએ ગામમાં રહેતા તેમના મિત્ર હિતેશ બળદેવભાઈ પટેલને ધંધાના કામ અર્થે રૂ ૯ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે હિતેશભાઈએ આ રકમ ચાર માસમાં ચુકવી આપવાનો ભરોસો આપ્યો હતો. જયારે વાયદા મુજબ રકમની માંગણી કરતા આ કેસના ફરિયાદી ભાવેશભાઈને આરોપીએ ચેક આપ્યો હતો. ભારતીય સ્ટેટ બેંક રાંધેજા શાખાનો આ ચેક બેંકમાં જમા કરાવતા પુરતા ભંડોળના અભાવે પરત થયો હતો. જે અન્વયે આરોપી સામે ગાંધીનગરની કોર્ટમાં વકીલ મારફતે કેસ દાખલ કર્યો હતો. આ કેસ ગાંધીનગરની બીજા ચીફ જ્યુ મે જી ની કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે એમ એસ પ્રજાપતિએ દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ બીજા ચીફ જયુ મેજી ટી વી જાદવે આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા ભોગવવા તેમજ રૂ ૨ હજારનો દંડ ભોગવવા માટે હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને લેંણી રકમ ૯ ટકાના વ્યાજ સાથે ચુકવી આપવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

## તાપી-સુરત હાઈવે પર બસ-ટ્રક વચ્ચે અકસ્માત

તાપી-સુરત હાઈવે પર અકસ્માતની ઘટના બની છે. સુરત હાઈવે પર બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ૩ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર મળી રહ્યા છે. ગુરુવારે મોડી રાત્રે હાઈવે પર સોનગઢના ચકડિયા ગામ પાસે અકસ્માત સર્જાયો હતો.